**બાયડના મહે. અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. મુ.બાયડ.**

**ફોજદારી કેસ નં.–1087/2025**

**આંક–૧ લગત હુકમ**

**//હુકમ//**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીને આંક–૦૧ ની હકીકતે ગુનો કરી **પ્રોહી. એક્ટની કલમ ૬૬(૧)બી** મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ કોર્ટમાં રજુ થતાં તેને કાયદા મુજબની નકલ આપવામાં આવેલ છે. જ્યારે હાલનાં આરોપીને તેની સામેની પ્લી વાંચી સંભળાવી, સમજાવતાં, તેઓએ ગુનાની કબુલાત કરવાની પુરશીસ રજૂ કરી, સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે. હાલનાં કામમાં આરોપી વિરુધ્ધ આ જ પ્રકારનાં અગાઉ કોઈ ગુનો સબબ પુર્વદોષસિધ્ધ નથી અને હાલના આરોપીએ સ્વેચ્છાએ કોઈ પણ પ્રકારની ધાક, ધમકી, દાબ–દબાણ વગર કબુલાત કરવાની રજૂઆત કરેલ છે. જેથી આરોપીની સ્વૈચ્છિક કબૂલાત નહી માનવાને કોઈ કારણ જણાતું નથી.

(૨) આમ, હાલના કામમાં આરોપી સ્વૈચ્છિક ગુનાની કબુલાત કરે છે. આરોપી ગરીબ વર્ગના તેમજ કુટુંબમાં એક જ કમાનાર વ્યક્તિ છે/ યુવાન વયના/વૃધ્ધ ઉંમારના/સ્ત્રી આરોપી છે અને ફરીવાર આવો ગુનો નહી કરવાની ખાતરી આપી, સુધરવાની તક આપી, દયાની માંગણી કરી, યોગ્ય દંડ તથા સજા કરવા રજુઆત કરેલ છે અને આરોપીએ સ્વૈચ્છિક કબુલાત કરેલ છે.

(૩) હાલના કામે ઉપરોક્ત કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપી સામેનો ગુનો નજીવો ગુનો (પેટી ઓફેન્સ) છે, આરોપી ગરીબ માણસ હોય, **નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.અલ.આર. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોરનાં** ચુકાદાને લઈ, આરોપીની કબુલાત તથા ગુનાના સંજાગો ધ્યાને લેતાં તથા સુધારાલક્ષી શિક્ષાની વિચારસરણી (Reformative Theory of Punishment)ના સિધ્ધાંતને ધ્યાને રાખતાં આરોપીને ન્યુનતમ કે મહત્તમ સજા નહિ કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેવું જણાતું

હોઈ, આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–આખરી હુકમ–</u>**

આરોપીને બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે **પ્રોહી. ધારાની કલમ – ૬૬ (૧)બી** હેઠળની શિક્ષાને પાત્ર ગુનામાં **રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો)** પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોક્ત ગુનામાં દંડ ન ભરે તો દરેક ગુનામાં **દિન–૦૧** સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૧૪મી, માહે – માર્ચ, સને – ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**બાયડ**

**તા.૧૪/૦૩/૨૦૨૬**

**(વિજય ચંદુલાલ મકવાણા)**
**એડીશ્નલ ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ**
**બાયડ**
**જીજે ૦૦૯૯૭**

**દંડના રૂા.૧૦૦/– અંકે રૂપિયા સો પુરા**
**પા.નંબર – .............થી જમા લીધા.**
**તા.૧૪/૦૩/૨૦૨૬**
**નાઝર**